**Out Ref. No.: 1041/2020-21**
**Date: 17-04-2021**

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/આદરણીય સંચાલકશ્રી,
સુરત.

સુજ્ઞ મહાશય,

સવિનય જણાવવાનું કે, આ સાથેના સમાચાર આપશ્રીના સુપ્રસિધ્ધ અખબારમાં વિનામૂલ્યે છાપી આભારી કરશોજી.

સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ.કે.એન.ચાવડા)
આચાર્યશ્રી.

## અમરોલી કોલેજ દ્વારા "યુવા સશક્તિકરણ" વિષય પર ૪૪ માં નેશનલ વેબીનારનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા.૧૭, એપ્રિલ ૨૦૨૧ શનિવારના રોજ "યુવા સશક્તિકરણ" વિષય અંતર્ગત **Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book** અને **Instagram** ના માધ્યમથી ૪૪માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડાએ શુભેચ્છા પાઠવી આર્શીવચનો આપ્યા હતા. જેમાં મુખ્ય વકતા તરીકે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-ટાસ્ક ફોર્સ, ગુજરાતના સદસ્ય અને ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદના પ્રાધ્યાપકશ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિવિધ કોલેજના ૫૬૮૮ જેટલા વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. આદરણીયશ્રી ડૉ. જયેન્દ્રસિંહ જાદવે જણાવ્યું કે, વિદ્યાર્થીઓએ જીવનમાં આગળ વધવા માટે ધ્યેય નિશ્ચત નકકી કરવો જરૂરી છે. આ ધ્યેય આત્મ કેન્દ્રિત ન રહેતા સમાજ કેન્દ્રિત કે રાષ્ટ્ર કેન્દ્રિત હોવો જોઇએ. વિદ્યાર્થીઓએ નવું શીખવાનું શરૂ રાખી સમયાંતરે પોતાના કૌશલ્યને વિકસાવવું જોઇએ. તેમણે વિવિધ ઉદાહરણ દ્વારા સમાજાવ્યુ કે કૌશલ્યની હંમેશા કદર થાય છે. જીવનમાં એકાગ્રતા ખુબ જરૂરી છે. જયારે ફોટાગ્રાફી માટે ૧ ક્ષણ પણ કેમેરો હલવાથી ફોટો ખરાબ થઇ જાય છે તેવું જ જીવન માટે પણ છે માટે જીવનમાં એકાગતા ખૂબ જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે મહાપુરૂષોના જીવન ચરિત્રમાંથી પ્રેરણા લઇ તેમણે વેઠેલી પીડામાંથી કઇક નવું શીખવું જોઇએ. મનના વિચારો સારા પુસ્તકો વાંચીને બદલી શકાય છે. દરેક વ્યકિતએ પોતાની આત્મા સાથે આત્મમંથન કરવું જોઇએ. પોતાની બીજા સાથે સરખામણી ન કરવી જોઇએ દરેક વ્યકિતમાં પોતાની અલગ વિશિષ્ટ શકિત છુપાયેલી છે જે આત્મમંથન કરી બહાર લાવી શકાય. તેમણે સ્વામી વિવેકાનંદનું ઉદાહરણ આપી સમજાવ્યુ કે જેને પોતાનામાં જ શ્રધ્ધા નથી તે વ્યકિત નાસ્તિક છે. ગાંધીજીનું ઉદાહરણ આપી સમજાવ્યું કે ગાંધીજીને શાંતિ માટે નોબલ પ્રાઇઝ નથી મળ્યુ પરંતુ ઇતિહાસમાં જેટલા લોકોને શાંતિ માટે નોબલ પ્રાઇઝ મળ્યું છે તેવા દરેક મહાનુભાવોએ પોતાના વકતવ્યમાં ગાંધીજીનો ઉલ્લેખ કર્યો છે. તેમણે જણાવ્યું કે આજના યુવાનો પોતાના યુથ આઇકોન, માર્ગદર્શક કે હીરો તરીકે ફિલ્મી જગતના હીરો/હીરોઇનને માની બેઠા છે જયારે યુથ આઇકોન, માર્ગદર્શક કે હીરો એવા હોવા જોઇએ જેમણે જગતને નવી દિશા આપી હોય, જેમણે રાષ્ટ્ર અને સમાજ માટે સમર્પણ કર્યુ હોય તેવા લોકોને પોતાના યુથ આઇકોન કે માર્ગદર્શક બનાવી પ્રેરણા લેવી જોઇએ.

તેમણે દર્શક મિત્રોના પ્રશ્નોના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ આભારવિધિ ડૉ. મયંક સોઢાએ કરી હતી. વેબીનારનું સંચાલન જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઇ શાહ, અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, ડૉ. સેજલ દેસાઇ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મેહુલ શાહ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું.

**You Tube Link: https://youtu.be/5vBzWkWLnk4**